| | |
|---|---|
| GJGS010007552026 | દાખલ તારીખ : ૧૬.૦૬.૨૦૨૬<br>નોંધ્યા તારીખ : ૧૬.૦૬.૨૦૨૬<br>નિર્ણય તારીખ : ૧૮.૦૬.૨૦૨૬<br>મુદત : વર્ષ–૦૦, માસ–૦૦, દિવસ–૦૨ |

==================================================

**ગીર સોમનાથ જિલ્લાના મહે. સેશન્સ જજશ્રીની કોર્ટમાં,મુ. વેરાવળ**

==================================================

**ફો. પ. અ. નં.૨૫૭/૨૦૨૬**
**આંક–**

**રોહીત રમેશભાઈ બારીયા,**
ઉ. વ. આ. ૨૯, ધંધો. મજુરી,
રહે. વેરાવળ, ઠે. મોટા કોળી વાડા, રાજેન્દ્ર ભુવન રોડ, વેરાવળ.
તા. વેરાવળ જી. ગીર સોમનાથ.

**...... અરજદાર**

**વિરૂધ્ધ**

**શ્રી સરકાર**

**...... સામાવાળા**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી જે. એ. પંડયા
શ્રી સરકાર તરફે વિ. સરકારી વકિલ શ્રી કે. ડી. વાળા

---

**બી. એન. એસ. એસ. ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી**

**:: જજમેન્ટ ::**

(૧) આ કામના અરજદાર/આરોપી વેરાવળ સીટી પોલીસ સ્ટેશનના ગુના રજી. નં. ૧૧૧૮૬૦૦૯૨૬૦૦૨૭/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ),૮૧ તથા બી. એન. એસ. એકટની કલમ–૧૧૧(૨)(બી), ૧૧૧(૩), ૧૧૧(૪) મુજબના ગુના સબબ જયુડીશયલ કસ્ટડીમાં હોય, તેઓએ ચાર્જશીટ બાદ જામીન ઉપર મુકત થવા માટે હાલની આ જામીન અરજી બી. એન. એસ. એસ. એકટની કલમ–૪૮૩ હેઠળ દાખલ કરેલ છે.

(૨) અરજદારની અરજી સંબંધે સરકારશ્રીને નોટીશ કરવામાં આવતા સરકાર તરફે વિ. સરકારી વકિલ શ્રી કે. ડી. વાળા હાજર થયેલ છે.

(૩) આ કામના અરજદાર/આરોપી તરફે વિ. વ. શ્રી જે. એ. પંડયાનાએ પોતાની ભારપુર્વકની રજૂઆતમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી તદન નિર્દોષ વ્યકિત છે, અરજદાર/આરોપીએ કોઇ ગુનો કરેલ નથી. અરજદાર/આરોપીને ખોટી રીતે હાલના ગુના કામે સંડોવી દેવામાં આવેલ છે. વધુમા તેઓએ એમ પણ જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ કોઇ પ્રથમદર્શનીય કેસ નથી, આ કામના અરજદાર/આરોપી સામેના ગુનાની તપાસ પુર્ણ થઇ ગયેલ છે અને ચાર્જશીટ પણ રજૂ થઇ ગયેલ છે. આથી તપાસના કામે અરજદાર/આરોપીની હવે કોઇ જરૂરીયાત નથી. વધુમા તેઓએ એવી પણ રજૂઆત કરી છે કે, આ કામના અરજદાર/આરોપી સ્થાનીક રહેવાસી છે, કયાંય નાશી ભાગી જાય તેવા ઇસમ નથી, નામ. કોર્ટ જે કોઇ શરતો ફરમાવશે તે તમામ શરતો પાળવા તૈયાર છે, જેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા રજૂઆત કરેલ છે.

(૪) ઉપરોકત રજુઆત સામે વિ. પી. પી. શ્રી કે. ડી. વાળાનાએ પોતાની ભારપુર્વકની રજુઆતમાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓએ પોતાના અંગત આર્થીક ફાયદા સારૂ સંગઠીત થઇ ભારતીય બનાવટનો ઇંગ્લીસ દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો રાખી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરીને ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ આવા જ પ્રકારના અન્ય ૧૪ ગુનાઓ નોંધાયેલ છે, જેમાંથી એક તો ગુજસીટોક હેઠળ પણ ગુનો નોંધાયેલ છે. આમ, આ કામના અરજદાર/આરોપી આવા પ્રકારના ગુનાઓ કરવાની ટેવવાળા વ્યકિત હોય, ત્યારે જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ચોકકસપણે નાશી ભાગી જાશે અને તેના કારણે ટ્રાયલ વિલંબમાં મુકાશે અને ફરીથી આવા જ પ્રકારના ગુનાઓ પણ કરશે, જેથી જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૫) ઉભયપક્ષની ઉપરોકત રજુઆત તથા હાથ પરના કેસ કામે રજૂ થયેલ કેસ પેપર્સ અને ચાર્જશીટના કાગળોને એકસાથે વંચાણે લેતા, આ કામના આરોપીઓએ પોતાના અંગત આર્થીક ફાયદા સારૂ સંગઠીત થઇ ભારતીય બનાવટનો ઇંગ્લીસ દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો રાખી, ગુનો કરવામાં એકબીજાને

મદદગારી કરીને ગંભીર પ્રકારનો ગુનો કરેલાનો કેસ નોંધાયેલ છે. સદરહુ જામીન અરજીના કામે ત. ક. અધિકારી દ્ધારા આંક–૦૫ થી સોગંદનામુ રજૂ કરેલ છે, જે વંચાણે લેતા આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ સને–૨૦૨૨ ની સાલથી અત્યાર સુધીમાં કુલ–૧૪ ગુનાઓ નોંધાયેલ છે અને તેમાં મોટા ભાગના પ્રોહીબીશન એકટ હેઠળના ગુનાઓ નોંધાયેલ છે. જયારે સને–૨૦૨૬ ની સાલમાં જ આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ કુલ ચાર ગુનાઓ નોંધાય ચુકેલ છે અને તેમાંથી એક તો ગુજસીટોક હેઠળનો પણ ગુનો નોંધાયેલ છે. આમ, આ કામના અરજદાર/આરોપી આવા જ પ્રકારના ગુનાઓ કરવાની ટેવવાળો વ્યકિત હોવાનુ જણાય આવે છે. હવે આરોપીને કયારે જામીન ઉપર મુકત કરવો અને કયારે જામીન ઉપર મુકત ન કરવો તે બાબતે નામ. સુપ્રિમ કોર્ટે અને નામ. વડી અદાલતે અસંખ્ય ચુકાદો આપેલ છે અને તે ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતોને ધ્યાનમા રાખીને આરોપીની ટ્રાયલ વખતેની હાજરી, ટ્રાયલ વખતે આરોપીની મળી આવવાની સંભાવના અને ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા થવાની શકયતાઓ વિગેરે પરીબળોને ધ્યાનમા રાખીને આરોપીને જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવતો હોય છે. હવે આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ હાલના ગુના ઉપરાંત અગાઉ જે ગુનાઓ નોંધાયેલ છે, તે ગુનાના કામે અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવેલ હોવા છતાં આ કામના અરજદાર/આરોપીએ સને–૨૦૨૬ ના વર્ષમાં જ કુલ ચાર ગુનાઓ આચરેલ છે, ત્યારે જો ફરીથી આ કામના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ ફરીથી આવા જ પ્રકારના કે અન્ય કોઇ ગુનાઓ નહીં આચરે તેવુ અરજદાર/આરોપીના ગુનાહીત માનસ ઉપરથી જણાય આવતુ નથી, ત્યારે અરજદાર/આરોપી સામેના કેસની ટ્રાયલ વખતે તેની હાજરી સુનિશ્ચીત કરવા માટે અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા યોગ્ય કે ન્યાયીક કારણ જણાતુ નથી. વધુમા આ કામના અરજદાર/આરોપી સામે જે ગુનાનો કેસ છે, તે કેસમાં સજાની જોગવાઇ પણ આજીવન કેદની છે, ત્યારે આ કામના અરજદાર/આરોપી સામેના ગુનાની ગંભીરતા, સજાની જોગવાઇ તેમજ ટ્રાયલ વખતે આરોપીની હાજરી જેવા મહત્વના પરીબળોને ધ્યાને રાખીને આ કામના અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરતો ન્યાયના વિશાળ હીતમા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**ઃઃ આખરી હુકમ ઃઃ**

(૧) આ કામના અરજદાર/આરોપી **રોહીત રમેશભાઇ બારીયા,** ઉ. વ. આ. ૨૯, ધંધો. મજુરી, રહે. વેરાવળ, ઠે. મોટા કોળી વાડા, રાજેન્દ્ર ભુવન રોડ, વેરાવળ. તા. વેરાવળ જી. ગીર સોમનાથવાળાની રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની અરજી આથી **નામંજૂર** કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર/આરોપી હાલ જેલમા હોય, તેઓને આ હુકમની જાણ કરતી યાદી ઇમેઇલ દ્વારા કરવી.

આજરોજ આ હુકમ તા.૧૮મી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

તા.૧૮/૦૬/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(વિક્રમસિંહ બી. ગોહિલ)**
સત્ર ન્યાયાધિશ
ગીર સોમનાથ, વેરાવળ
કોડ નં. જીજે૦૧૦૪૨